આંક–૭

મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા
ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.

ફોજદારી કેસ નં.૧૯૧૯૬/૨૦૧૮

જુનો ફોજદારી કેસ નં.૬૯૦/૧૪

ફરિયાદી :– સરકારી શ્રમ અધિકારી અને કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ અન્વયેના નિરિક્ષક, અમદાવાદ.

: વિરૂધ્ધ :

આરોપી:– ૧. ભરૂચ એન્વચારો ઈન્ફ્રાસ્ટ્રકચર લી. (યુનીટ–અમદાવાદ.
( મ્યુનીસીપલ સોલીડ વેસ્ટ સાઈડ )
ટોરેન્ટ પાવર સબ સ્ટેશનની પાળ, હોટલ દેવ પાસે,
નારોલ સરખેજ હાઈવે, ગામ–ગ્યાસપુર, અમદાવાદ.

૨. શ્રી અશોકભાઈ એ. પંજવાણી – ડીરેકટર
ભરૂચ એન્વચારો ઈન્ફ્રાસ્ટ્રકચર લી.(યુનીટ–અમદાવાદ.
મ્યુનીસીપલ સોલીડ વેસ્ટ સાઈડ,ટોરેન્ટ પાવર સબ સ્ટેશનની પાછળ,હોટલ દેવ પાસે,નારોલ–સરખેજ રોડ,ગ્યાસપુર,અમદાવાદ.

**ગુન્હો:–સી.એલ.આર.એ.એકટની કલમ ૨૪ મુજબ.**

## –: ચૂ કા દો :–

**(૧)** હાલનો ફોજદારી કેસ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ તરફથી લેબર કોર્ટ અમદાવાદને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ સી.એલ.આર.એ. એકટના જુદા જુદા નિયમોના ભંગ બદલ કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) નિરીક્ષક ધ્વારા જે તે વખતે સબંધિત મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, ફરિયાદી ફેકટરી એકટની ક.૮ મુજબ નિરીક્ષક તરીકે નિમાયેલા છે. તેઓએ આરોપીના કારખાનાની મુલાકાત લઈ તપાસ કરતા જાણવા મળેલ કે, **કોન્ટ્રાકટર મજૂર નિયમન અને નાબૂદી)અધિનિયમ અન્વયેના નિયમોના નિયમ–૭૪,૭૩ ૮૨(૨)નો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ–૨૪** હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરિયાદ કરેલ છે.

**(૨)** ત્યારબાદ હાલનો કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતા આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપી વતી તેઓને ઓથોરીટી આપનાર વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછવામાં આવેલ જેથી તેઓએ આરોપી વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે.તેઓએ આરોપી વતી ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપી વતી પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી

તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**(૩)** આરોપીઓએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**(૪)** આ તબકકે **નામદાર મદ્રાસ હાઈકોર્ટ સમક્ષમાં એન.રામૈયા વિરુધ્ધ સ્ટેટ**નો ચુકાદો જોવામાં આવે તો તેમાં આરોપી વતી ઓથોરીટી આધારે જે વ્યકિતને ઓથોરીટી આપેલ હોય તેઓ ગુનાની કબુલાત કરી શકે તેવું ઠરાવેલ છે. તે સંજોગોમાં આરોપીની ઓથોરીટી આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરી શકે તેમ છે. વધુમાં આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **સી.એલ.આર.એ.એકટ હેઠળના ગુજરાત નિયમોના નિયમ – ૭૪,૭૩ ૮૨(૨)** નો ભંગ કરીને સદરહુ કાયદાની **કલમ ૨૪** મુજબનો ગુન્હો કરેલ છે. તે સંજોગોમાં આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ઘ્યાને લેતા તથા ગુનો કબુલ કરનારની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ, ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાન ૭૦૯** ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ઘ્યાને લેતા તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**<u>–: હુકમ ::–</u>**

**(૧)** આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ **સી.એલ.આર.એ.એકટ હેઠળના ગુજરાત નિયમોના નિયમ – ૭૪,૭૩ ૮૨(૨)** નો ભંગ કરીને સદરહુ કાયદાની **કલમ ૨૪** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેક ભંગ બદલ **રૂા.૫૦૦/–** (અંકે રૂપિયા પાંચસો પુરા) તેમ કુલ મળીને બંને આરોપીઓને **રૂા.૩૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીઓ વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી આશીષ ગુર્જર** ને ઉપરોકત આરોપીઓની દંડની કુલ રકમ **રૂા.૩,૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ હજાર પુરા)** દંડ ભરવાની સજા કરવામાં આવે છે.

**(૨)** આરોપીઓ વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી આશીષ ગુર્જર ને** દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**(૩)** આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૨/૦૩/૨૦૨૨ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૨–૦૩–૨૦૨૨
સ્થળ : અમદાવાદ.

(નાગદાનભાઈ કે.ડાભી)
એડિશનલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.
CODE : **GJ01030**